**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C.U.SHAH UNIVERSITY

## Winter Examination-2018

**Subject Name : Compulsory Accountancy-II**
**Subject Code : 4CO02CAC2 Branch: B.Com (Gujarati)**
**Semester : 2 Date :29/10/2018 Time : 02:30 To 05:30 Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1 Attempt the following questions.** **(14)**

**a)** ખરીદકિંમત પેટે કંપની પાસેથી મળેલ શેર અને ડિબેંચર : 1

(a) દાર્શનિક કિંમતે નોંધાય છે. (b) સરેરાશ કિંમતે નોંધાય છે.

(c) બજાર કિંમતે નોંધાય છે. (d) ઉપરના માંથી કોઇ નહિં

**b)** ધંધાના રૂપાંતરમાં ધંધાની મિલકતો અને જવાબદારીઓ મા.મિ.નિ ખાતે કઇ કિંમતે લઇ જવાય છે? 1

(a)બજાર કિંમતે (b) ચોપડે કિંમતે (c) પુનઃ સ્થાપના કિંમતે (d) એક પણ નહિં

**c)** ચોખ્ખી મિલકતની પધ્ધતિથી ખરીદ કિંમત નક્કી કરતાં, મિલકતો માંથી --- બાદ થાય. 1

(a) પાઘડી (b) દેવાં જવાબદારી (c) મૂડી અને અનામત (d) આમાંથી એક પણ નહિં

**d)** ધંધાની ખરીદી વખતે કંપનીએ પાઘડીની ચૂકવણી રોકડેથી કરવી ફરજીયાત છે. 1

(a) ના (b) હા (c) હા અને ના બંને (d) ઉપરમાંથી કોઇ પણ નહિં

**e)** નીચેના પૈકી કઇ રકમ માલિકીના ભંડોળો ગણાય? 1

(a) અનામત ભંડોળ (b) કારીગર બચત ખાતાં (c) ભાગીદારની લોન (d) આમાંથી એક પણ નહિં

**f)** જો ખરીદ કિંમત, ચોખ્ખી મિલકતોની કિંમત કરતાં ઓછી હોય તો તેના તફાવતને શું કહેવાય છે? 1

(a) પાઘડી (b) અવેજ (c) મૂડી અનામત (d) ફેરબદલી

**g)** રોકડની હપતે હપતે વહેંચણી કરતાં પા.સ.માં દર્શાવેલ અનામતો, નફો કે ખોટ ભાગીદારોને : 1

(a) ન વહેંચાય (b) ન.નુ ના પ્રમાણમાં વહેંચાય

(c) મૂડીના પ્રમાણમાં વહેંચાય (d ) સરખા પ્રમાણમાં વહેંચાય

**h)** રોકડની હપતે હપતે વહેંચણીમાં નફાનુકસાન ખાતાની ઉધાર બાકી.. 1

(a)ભાગીદારોના મૂડીમાંથી બાદ થશે. (b) ભાગીદારોના મૂડીમાં ઉમેરાશે

(c) વહેંચણી થશે નહિં (d) હપતામાંથી બાદ થશે.

**i)** મૂડી વધારાની પધ્ધતિ અનુસાર વધારાની મૂડી શોધવા માટે એવા ભાગીદારની મૂડી ધ્યાનમાં લેવી જોઇએ કે જેની પ્રમાણસર મૂડી સૌથી : 1

(a) વધુ હોય (b) શૂન્ય હોય (c) ઓછી હોય (d) ઉપરના તમામ

**j)** આવક – જાવક ખાતું એ કેવા ખાતા જેવું છે? 1

(a) રોકડ ખાતા જેવું (b) નફાનુકસાન ખાતા જેવું (c) ઊપજ ખર્ચ ખાતા જેવું (d) બેંક ખાતા જેવું

**k)** મોટા પ્રમાણમાં થયેલ થયેલ જાહેરાત ખર્ચ એટલે... 1

(a) મહેસૂલી ખર્ચ (b) મૂડી ખર્ચ (c) સ્થાપના ખર્ચ (d) પ્રસારિત મહેસૂલી ખર્ચ

**l)** આવક – જાવક ખાતું સામાન્ય રીતે.. 1

(a) ઉધાર બાકી દર્શાવે છે. (b) જમા બાકી દર્શાવે છે.

(c) ખર્ચનો વધરો દર્શાવે છે (d) ઊપજનો વધારો દર્શાવે છે.

**m)** હિસાબી ધોરણ નંબર 6 નીચેના માંથી ક્યું છે? 1

(a) કરારના હિસાબો (b) રોકડ પ્રવાહ પત્રક (c) ઘસારાના હિસાબો (d) લીઝના હિસાબો

**n)** સ્થિર મિલકત માટેનું હિસાબી ધોરણ નંબર... 1

(a) 8 (b) 9 (c) 10 (d) 7

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**(a)** A અને B 3:2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો હતા. તેઓનું પાકું સરવૈયું નીચે મુજબ છે. **7**

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી :<br>A 72,000<br>B 48,000 | 1,20,000 | જમીન મકાન<br>મશીનરી 60,000<br>- ઘસારા ફંડ 12,000 | 76,800<br><br>48,000 |
| લેણદારો | 33,600 | રોકાણો | 21,600 |
| બેંક લોન | 50,400 | સ્ટૉક | 40,800 |
| સામન્ય અનામત | 24,000 | દેવાદારો | 36,000 |
| | | રોકડ | 4,800 |
| | 2,28,000 | | 2,28,000 |

તા. 31-03-2016ના રોજ તેઓએ પેટલાદ કંપની લિ. ને પોતાનો ધંધો નીચેની કિંમતે વેચવા નક્કી કર્યું:

પાઘડી - રૂ. 24,000 દેવાદારો – રૂ. 31,200 જમીન મકાન – રૂ. 1,03,200 સ્ટૉક – રૂ. 45,600 બાકીની મિલકતો ( રોકડ અને રોકાણો સિવાય ) અને દેવાં ચોપડે કિંમતે લીધાં.

ખરીદ કિંમત પેટે પેટલાદ કં. લિમિટેડ પૂરા ભારાયેલા 1,200 શેર દરેક રૂ.100નો 20% પ્રીમીયમે અને બાકીની રોકડ આપી. રોકણો રૂ.16,800માં વેચ્યા. વિસર્જન ખર્ચ રૂ. 2,400 થયો.

જરૂરી ખાતાં તૈયાર કરો.

**(b)** ધંધો વેચનાર પેઢીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો. **7**

**Q-3** **Attempt all questions** **(14)**

X અને Y નું તા. 31-03-2016ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. **14**

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત – લેણાં | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી ખાતાં :<br>X 60,000<br>Y 40,000 | 1,00,000 | પાઘડી<br>મકાન | 8,000<br>90,000 |
| સામાન્ય અનામત | 22,000 | યંત્રો | 25,000 |
| આનંદની લોન | 12,000 | સ્ટૉક | 35,000 |
| બેંક લોન | 50,000 | દેવાદારો 35,000<br>બાદ ઘાલખાધ<br>અનામત 3,000 | 32,000 |
| લેણદારો | 35,000 | લેણીહૂંડીઓ | 17,000 |
| કારીગર બચત ખાતાં | 6,000 | રોકાણો | 14,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 14,000 | રોકડ અને બેંક | 24,000 |
| કારીગર અ.વળતર ફંડ | 6,000 | | |
| | *2,45,000* | | *2,45,000* |

ઉપરનો ધંધો ખરીદવા માટે Z લિ. ની સ્થાપના કરવામાં આવી,જેની સત્તાવાર થાપણ 30,000 ઈ.શેર દરેક રૂ. 10નો છે. ધંધાની ખરીદીની શરતો નીચે મુજબ છે.

1. પાઘડી રૂ. 10,500 આંકવામાં આવી. 2. X લોન કંપનીએ સ્વીકારી નથી. 3. કંપની રૂ. 8,000 સિવાયની તમામ મિલકતો લીધી. 4. કાયમી મિલકતો ચોપડે કિંમત કરતાં 20% વધુ લેવી અને સ્ટૉક ચોપડે કિંમત કરતાં 20% ઓછી કિંમતે લેવી. 5. દેવાદારો પર 10% ઘાલખાધ અનામતની જોગવાઇ કરવી. 6. પેઢીનો વિસર્જન ખર્ચ રૂ. 1000 કંપનીએ ભોગવવાનો છે. 7. ખરીદ કિંમત પેટે પૂરા ભરાયેલા 10,000 ઈ.શેર 10%ના પ્રીમિયમે , 12%ના 400 ડિબેંચર, દરેક રૂ. 100 નો 10% વટાવે અને બાકીની રકમ રોકડમાં ચૂકવવાની છે. 8. બાકીના શેરો જાહેર જનતા માટે 10%ના પ્રીમિયમે બહાર પાડ્યા અને બધા જ પૂરેપૂરા ભરાઇ ગયા. 9. કંપનીનો પ્રાથમિક ખર્ચ રૂ. 12,00 થયો.

ઉપરના વ્યવહારો નોંધવા માટે Z લિ.ના ચોપડે જરૂરી આમનોંધ લખો અને નવી કંપનીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**Q-4** **Attempt all questions** **(14)**

**(a)** હિસાબી ધોરણ નંબર -6 ઘસારાના હિસાબો સમજાવો. 7

**(b)** સ્થિર મિલકતો માટેનું હિસાબી ધોરણ ટૂંકમાં સમજાવો. 7

**Q-5** **Attempt all questions** **(14)**

**(a)** ધંધાની ખરીદી કરતાં "પાઘડી" અને "મૂડી અનામત" ની રકમો કઇ રીતે શોધવામાં આવે છે? 7

**(b)** જેમ જેમ મિલકતો વેચાતી જાય તેમ તેમ ભાગીદારો વચ્ચે રોકડ વહેંચવાની મૂડી વધારાની પધ્ધતિ સમજાવો. 7

**Q-6** **Attempt all questions** **(14)**

**(a)** ઓમ,જય અને જગદીશ 5:4:1ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31મી માર્ચ 7

2010ના રોજ તેમણે પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું.

**પાકું સરવૈયું**

| **મૂડી દેવાં** | **રકમરૂ.** | **મિલકત લેણાં** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| મૂડી : ઓમ 40,000 | | પરચૂરણ મિલકતો | 1,86,000 |
| જય 36,000 | | રોકડ | 20,000 |
| જગદીશ 10,000 | 86,000 | | |
| સામાન્ય અનામત | 20,000 | | |
| લોન : ઓમ 20,000 | | | |
| જગદીશ 30,000 | 50,000 | | |
| લેણદારો | 30.000 | | |
| બેંક ઓ.ડી | 20,000 | | |
| | 2,06,000 | | 2,06,000 |

મિલકતોના નીચે પ્રમાણે ઉપજ્યા :

પ્રથમ હપતો - તા. 30-04-2010 – 30,000 (વિસર્જન ખર્ચ રૂ. 2000)

બીજો હપતો – તા. 31-05-2010 – 53,000 (વિસર્જન ખર્ચ રૂ. 3,000)

ત્રીજો હપતો – તા. 30-06-2010 – 10,000 (વિસર્જન ખર્ચ રૂ.શૂન્ય )

તા.15મી જૂન 2010ના રોજ પાકતી રૂ. 3,000ની લેણી હૂંડી બેંકમાં વટાવી હતી.

મૂડી વધારાની પધ્ધતિ દ્વારા રોકડની ટુકડે ટુકડે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**(b)** ઉપરની માહિતી પરથી મહત્તમ નુકસનની પધ્ધતિથી રોકડની ટુકડે ટુકડે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો. **7**

**Q-7** **Attempt all questions** **(14)**

**(a)** મૂડી આવક અને મહેસૂલી આવક તફાવત આપો. **7**

**(b)** યોગ્ય ઉ.દા. આપી મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચનો અર્થ આપી સમજાવો. **7**

**Q-8** **Attempt all questions** **(14)**

ધી રોયલ ક્લબનું તા. 31-3-2010ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે.તેના આધારે પૂરા થતાં વર્ષનું ઊપજ – ખર્ચ ખાતું તથા તે રોજનું પાકું સરવૈયું બનાવો: **14**

| ઉધાર બાકી | જમા બાકી |
|---|---|
| ઓફિસ સ્ટાફનો પગાર - 10,000 | મનોરંજન કાર્યક્રમની આવક – 15,000 |
| તાર ટપાલ ખર્ચ - 12,00 | લવાજમ - 80,000 |
| સેક્રેટરીનું વેતન - 12,000 | રોકાણો પર વ્યાજ - 2,240 |
| પરચૂરણ ખર્ચ - 3,200 | જૂનાં સમયિકોનું વેચાણ - 400 |
| સમારકામ - 800 | પ્રવેશ ફી - 3,600 |
| સામાયિકોનું લવાજમ - 2,700 | મળેલ દાન - 15,600 |
| શિ ક્ષણ ફંડમાંથી આપેલ સ્કોલરશીપ – 4,000 | શિક્ષણ ફંડ - 30,000 |
| શિક્ષણ ફંડનાં રોકાણો - 30,000 | શિક્ષણ ફંડના રોકાણો પર મળેલ આવક - 2,800 |
| કેન્ટીનો ખર્ચ - 18,500 | કેન્ટીની આવક - 26,000 |
| મનોરંજન કાર્યક્રમનો ખર્ચ - 9,100 | પરચૂરણ ઉપજ - 1,860 |
| રમત ગમતનાં સધનોની ખરીદી (1-1-2010) - 11,600 | મૂડી ભંડોળ - 1,35,000 |
| ફર્નિચરની ખરીદી(1-10-09) - 5,000 | |
| રમત ગમતનાં સાધનો - 55,000 | |
| રોકાણો - 22,400 | |
| બેન્કમાં એફ.ડી. – 20,000 | |
| મકાન - 90,000 | |
| ફર્નિચર - 12,000 | |
| રોકડ સિલક - 5,000 | |

વધારાની માહિતી :

1. સેક્રેટરીનું વેતન રૂ. 3,000 ચૂકવવાનું બાકી છે. 2. લવાજમના રૂ. 5,000 ચાલુ વર્ષના મળવાના બાકી છે અને 6,000 અગાઉથી મળેલ છે. 3. પ્રવેશ ફી પૈકી 50% મૂડીકૃત કરવાની છે. 4. શિક્ષણ ફંડના રોકાણો પર રૂ. 200 વ્યાજના મળવાના મળવાના બાકી છે. (5) રમતગમતનાં સાધાનો પર વાર્ષિક 10% અને ફર્નિચર વાર્ષિક 6% લેખે ઘસારો ગણો.